ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે ૨૦ ટકા રકમનું
ફંડ રાજય કક્ષાએ રાખીને આયોજન અને
અમલ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતાં વિભાગ
(આદિજાતિ વિકાસ પ્રભાગ)
ઠરાવ ક્રમાંકઃટીએપી/૨૦૦૧/૪૬૯/પ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૦/૦૮/૨૦૦૧

વંચાણે લીધાઃ
(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તાઃ૩/૯/૯૭ નો ઠરાવ ક્રમાંકઃટીએપી/૧૦૯૨/૧૯૨૮/છ.
(૨) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ(આદિજાતિ વિકાસ પ્રભાગ)નો તારીખઃ ૧૭/૯/૧૯૯૯ ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૯૯/૧૫૮/પ.

## ઠરાવ:

આમુખમાં ક્રમાંકઃ(૧) આગળ દર્શાવેલ તાઃ૩/૯/૯૭ ના ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૧૦૯૨/૧૯૨૮/છ થી રાજય સરકારે ન્યુ ગુજરાત પેટર્નનો સ્વીકાર કરેલ છે અને તેનું અમલીકરણ કરવા માટે રાજય સરકારે ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષમાં રૂા.૨૦૦ કરોડનું ખાસ વિવેકાધીન ફંડ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક મૂકેલ હતું. આ રૂા.૨૦૦ કરોડની વિવેકાધીન જોગવાઈ પૈકી રાજય કક્ષાના કામો માટે ૨૦ ટકા રકમની જોગવાઇ કરવા તેમજ સદરહુ કામોમાં જિલ્લાઓને જોડતાં રસ્તાઓ, પુલો, બે કે તેથી વધુ તાલુકાઓને જોડતા રસ્તાઓ અને પુલો, સિંચાઇની સુવિધા વિગેરે પ્રકારના કામો હાથ ધરવા આમુખમાં ક્રમાંકઃ(૨) આગળ દર્શાવેલ તાઃ૧૭/૯/૧૯૯૯ ના ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૯૯/૧૫૮/પ થી સૂચનાઓ આપવામાં આવેલ હતી.

વર્ષ ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન રૂા.૨૦૦ કરોડના ફંડમાંથી રાજય કક્ષાએ વહીવટી કારણોસર આયોજન થઇ શકેલ ન હતું અને પૂરેપૂરી રૂા.૨૦૦ કરોડની રકમનું આયોજન જિલ્લા કક્ષાએ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા કરવા માટે સરકારે લીધેલ નિર્ણય મુજબ કરવામાં આવેલ. તેમજ વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માં સુધારેલ અંદાજપત્રમાં જુદા જુદા વહીવટી વિભાગો દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રૂા.૨૦૦ કરોડ કરતાં ઘણી ઓછી રકમની જોગવાઇ થયેલ હોઇ અને વર્ષના અંત સુધી પણ આ જોગવાઇ રૂા.૨૦૦.૦૦ કરોડ કરતાં ઓછી રહેવાની સંભાવના હોઇ, આ રકમ પૈકી રાજય કક્ષાની યોજનાઓ માટે ૨૦ ટકા રકમનું આયોજન કરવાનું ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૧-૨૦૦૨ દરમિયાન પણ શકય બને તેમ નથી. આ સંજોગોમાં આ વિભાગના તાઃ૧૭/૯/૧૯૯૯ ના ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૯૯/૧૫૮/પ ની રાજય કક્ષાના કામો માટે ૨૦ ટકા રકમનું આયોજન કરવાની જોગવાઇમાં આંશિક સુધારો કરી વર્ષ ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન રાજય કક્ષાના કામો માટે ૨૦ ટકા રકમનું આયોજન ન કરતાં પૂરેપૂરી

..૨/-

રકમનું આયોજન જિલ્લા કક્ષાએ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા જે કરાયેલ છે તે કામગીરીને આથી પશ્ચાતવર્તીરીતે વિનિયમિત કરવામાં આવે છે અને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૧-૨૦૦૨ દરમિયાન પણ રાજય કક્ષાના કામો માટે ૨૦ ટકા રકમનું આયોજન નહિ કરતાં ગુજરાત પેટર્ન હેઠળ ઉપલબ્ધ થનાર પૂરેપૂરા ફંડનું આયોજન જિલ્લા કક્ષાએ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા નંબરની ફાઇલ ઉપર નાણાં વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ(આયોજન) ની તા:૨૪-૭-૨૦૦૧ ના રોજ મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.બી.ઠકકર)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
(આદિજાતિ વિકાસ પ્રભાગ)

પ્રતિ,

* માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી
* માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/સચિવશ્રી
* બધા જ માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/અંગત મદદનીશશ્રીઓ
* માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* અધિક મુખ્ય સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રી/સભ્યશ્રી.
* સચિવાલયના સર્વે વહીવટી વિભાગો
* કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર.
* નાયબ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર.
* કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
* સર્વે ખાતાના વડાશ્રીઓ.
* કાર્યવાહક સમિતિઓના અધ્યક્ષશ્રીઓ/સર્વે સભ્યશ્રીઓ.
* સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ/નાયબ પ્રા.વ.શ્રીઓ/પ્રોજેકટ ઓફિસર્સ
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
* નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/વિભાગની સર્વે શાખાઓ
* સિલેકટ ફાઇલ.